## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




માજી... કેશ નહીં... આવડતું હોય તો... સ્વાઈપ કરો... બાકી આગળ જાવ...!!

# વડાપ્રધાનના પાયલોટીંગમાં છ હાર્લી ડેવીડસન પણ હશે

### ૪.૮૦ લાખનું એક, એવા ધુળ ખાઈ રહેલા છ હાર્લી ડેવીડસનનો ઉપયોગ કરાય તેવી વિચારણા : છ પોલીસ રાઈડર્સને હાર્લીની તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૨૩

વાઈબ્રન્ટ-૨૦૧૫માં વીવીઆઈપીના પાયલોટીંગ માટે ગુજરાત પોલીસે છ હાર્લી ડેવીડસન બાઈક ખરીદ્યા હતા. રૂ. ૪.૮૦ લાખનું એક, એવા છ બાઈક ગાંધીનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે ધૂળ ખાઈ રહ્યા છે. આ બાઈક્સનો ઉપયોગ વાઈબ્રન્ટ ૨૦૧૭માં વડાપ્રધાનના પાયલોટીંગમાં પણ લેવાય તેવી વિચારણા ચાલી રહી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ માટે છ તાલીમી પોલીસ રાઈડર્સને હાર્લી ડેવીડસન ચલાવવાની તાલીમ પુનઃ આપવા માટે કવાયત હાથ ધરાશે.




હાર્લી ડેવીસન સ્ટ્રીટ ૭૫૦ મોડલ રૂ. ૪.૮૦ લાખની કિંમતનું છે. આ બાઈક બે વર્ષ પહેલા ગુજરાત પોલીસે વાઈબ્રન્ટમાં શાહી એન્ટ્રી માટે વાપર્યું હતું. આવા છ બાઈક ખરીદવામાં આવ્યા હતા. જે બે વર્ષથી ગાંધીનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં પડ્યા છે. આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે આ બાઈકનો એકવાર મુખ્યમંત્રીની ગ્રામ્ય વિસ્તારની મુલાકાત દરમ્યાન ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે સિવાય એકવાર ગાંધીનગરમાં વધેલી બેંક ટ્રોબરીને નિયંત્રીત કરવા આ બાઈક્સના પેટ્રોલીંગ શરૂ કરાયા હતા. આ બાઈક છેલ્લા ઘણા સમયથી પોલીસ હેડ ક્વાટર્સમાં પડી રહ્યા છે તે હવે વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાહી આગમન માટે વપરાય તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીના પાયલોટીંગની ગાડીઓની આગળ આ છ હાર્લી ડેવીડસન બાઈકનો પણ સમાવેશ કરવામાં આવે તેવી વિચારણા છે. તેના માટે અગાઉ તાલીમ લઈ ચુકેલા પોલીસ રાઈડર્સને ફરી તાલીમ આપવામાં આવશે.

# ચિલોડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પ્રતિષ્ઠા સાથે ખરાખરીનો જંગ

### દસ વોર્ડના કુલ ૩૩૨૯ મતદારોને રીઝવવાના પ્રયાસો પરાકાષ્ઠાએ : ધારાસભ્ય કે સંસદની ચૂંટણીમાં હોય તેવો હાયટેક પ્રચારનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની મુદત પુર્ણ કરતી ગ્રામ પંચાયત માટેની ચુંટણીઓ આગામી મંગળવારના રોજ યોજાનાર છે. જેમાં ગાંધીનગરને અડીને આવેલા ચિલોડા ગ્રામ પંચાયતનો પણ સમાવેશ થાય છે. ચુંટણી આડે હવે ત્રણ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારો વચ્ચે પ્રતિષ્ઠાભર્યા આ જંગમાં અગ્નિ પરીક્ષા આપવાની હોય તેવો માહોલ સર્જાયો છે. ચિલોડામાં દસ વોર્ડના કુલ ૩૩૨૯ ઉમેદવારોએ બેનર, હોર્ડીંગ, પોસ્ટર, પત્રિકાઓ સાથે હાઈટેક પ્રચાર અપનાવ્યો છે. ગામમાં પગપાળા તેમજ બાઈક રેલીઓના પણ આયોજન થઈ રહ્યા છે. વધુમાં મતદારો પણ સ્પર્ધી અને પ્રતિસ્પર્ધી ઉમેદવારોને સકારાત્મક જવાબ આપી રહ્યા છે જેથી ઉમેદવારોની મુંઝવણ વધી ગઈ છે.

વિકાસ કાર્યોની રજુઆતો, પ્રલોભનો મતદારોને આપવા ડોર ટુ ડોર મુલાકાતો ઉમેદવારો કરી રહ્યા છે. જેમાં ગૃપની ગુપ્ત બેઠકો, નાસ્તા-પાણી



મતદારો આ ચુંટણીમાં ભાગ લેશે જેને રીઝવવા ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવી દિવસ રાતના ઉજાગરા શરુ કરી દીધા છે. જો કે ગ્રામ્ય વિસ્તારની સામાન્ય ગણાતી આ ચુંટણીમાં ધારાસભ્ય કે સંસદની ચુંટણીમાં હોય તેવો હાયટેક પ્રચારનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

ચિલોડા ગ્રામ પંચાયતની ચુંટણીના પડઘમ જોરશોરથી વાગી રહ્યા છે. કુલ ૩૩૨૯ મતદારો ધરાવતા ચિલોડા ગ્રામ પંચાયતમાં મતદારોએ એક સભ્યને અને એક સરપંચને એમ બે મત આપવા ફરજિયાત છે. મળેલ વિગતો મુજબ કુલ ૧૦ વોર્ડ પૈકી ૨, ૩, ૭, અન ૮ મહિલા અનામતની જોગવાઈ મુજબ બિનહરીફ જાહેર થયેલ છે. જેથી દસ પૈકી છ વોર્ડના સભ્યો વચ્ચે ચુંટણી જંગ ખેલાશે જયારે સરપંચ માટે દસે વોર્ડમાંથી મતદાન થશે. તથા રાત્રીએ ખાટલા બેઠકો થઈ રહી છે.

ચિલોડામાં વોર્ડ વાઈઝ વિવરણ મુજબ વોર્ડ નં. ૧ અનુસુચિત જાતિ, વોર્ડ નં. ૪, ૫-સ્ત્રી સામાન્ય, ૬-બિન અનામત, ૭-સામાજીક, શૈક્ષણિક પછાત સ્ત્રી અનામત (બિનહરીફ), ૯-બિનઅનામત અને ૧૦-અનુસુચિત જનજાતિની બેઠક વ્યવસ્થા અમલી છે. સરપંચ પદે માટે વસુમતીબેન ડી. પટેલ તથા શાબેરાબેન યાકુબભાઈ મનસુરી વચ્ચે સ્પર્ધા છે. તમામ વોર્ડની ચુંટણીમાં વોર્ડ નં. ૯ના ઉમેદવાર નટુભાઈ પટેલ (પત્રકાર) સૌ ગ્રામજનોમાં લોકપ્રિય છે. વધુમાં શિક્ષક અને સામાજીક કાર્યકર તરીકે કરેલા કામ તેમનું આ જંગમાં ભાથુ બન્યા છે. ચિલોડા પોલીસ અને વહીવટી તંત્ર પણ ચુંટણીને લઈને આખરી તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

# શંકાસ્પદ સ્વાઈન ફલુથી પીડાતા દર્દીનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૨૩

કલોલના હાજીપુર વિસ્તારમાંથી સ્વાઈન ફલુનો એક શંકાસ્પદ દર્દી મળી આવ્યો હતો જેનું સારવાર દરમ્યાન મોત થયાના અહેવાલથી આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામી છે.

મળતી વિગતો મુજબ આ દર્દી હાજીપુરના પરા વિસ્તારની રહીશ હતી. જે.વી.એલ. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ હતી જેનું ગઈકાલે સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે. તંત્ર દ્વારા હાજીપુર વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. કોઈ નવો કેસ કે શંકાસ્પદ તાવના દર્દીઓ સર્વેલન્સમાં મળી આવ્યા નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# વાયબ્રન્ટમાં કરોડો રૂપિયાના MOU બતાડવા શહેરી વિકાસ સત્તામંડળોનું દબાણ : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્યમાં લગભગ દરેક શહેરી વિકાસ સત્તામંડળોએ જાહેર કરેલા નવા જીડીસીઆરને વર્ષો થઈ જવા છતાં કોઈપણ પ્રકારનો અમલ કરવામાં આવી રહ્યો નથી. ત્યારે ભાજપ સરકાર દ્વારા વાયબ્રન્ટ-૨૦૧૭માં કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. દેખાડવા માટે અધુરી કે માત્ર કાગળ ઉપર રહેલી સ્કીમોના એમ.ઓ.યુ. દબાણપૂર્વક કરવામાં આવી રહ્યાં હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિમાં કાળા કાયદાના કારણે દરેક શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના વિસ્તારોમાં કિસાનપૂત્રો પોતાની જ જમીનમાં ખેતી પણ કરી શકતા નથી કે વેચી શકતા નહીં હોવાનો આક્રોશ વ્યક્ત કર્યો છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતે જાન્યુઆરી મહિનામાં વાયબ્રન્ટ – ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. બતાવવા માટે ભાજપ સરકાર દ્વારા વિવિધ સત્તામંડળો અને સરકારી તંત્ર મારફતે આવા વિસ્તારોમાં અધુરી કે પૂરી થઈ ગયેલી રહેણાંક કે કોમર્શિયલ સ્કીમના પણ એમ.ઓ.યુ. દબાણપૂર્વક કરાવવામાં આવી રહ્યા છે. ઘણા સ્થળોએ તો જે તે ખેડૂત કે બિલ્ડરોએ સ્કીમ ન કરવી હોય તો પણ માત્ર કાગળ ઉપર શામ–દામ–દંડથી એમ.ઓ.યુ. કરવામાં આવી રહ્યા છે. જ્યારે તંત્ર પાસે વિકાસની પરવાનગી માંગવામાં આવે તો નવા જીડીસીઆરનો અમલ થયો નહીં હોવાથી મંજુરી નહીં આપીને ધક્કા ખવડાવવામાં આવે છે. છેલ્લા બે – પાંચ વર્ષથી આ વિસ્તારોનો સમગ્ર વિકાસ રૂધાઈ ગયો હોવા છતાં ખોટા એમ.ઓ.યુ. કરાવવા દબાણ કરાય છે પરંતુ નવા જીડીસીઆરનો કોઈ કક્ષાએ અમલ કરવામાં આવતો નથી.

# શહેરમાં ઠંડીનો ચમકારો યથાવત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારોમાં ઠંડીનો ચમકારો યથાવત રહ્યો છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૧ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડિ.સે. નોંધાતા વસાહતીઓએ સારી એવી ઠંડી અનુભવી હતી.

ગાંધીનગર શહેરના જનજીવન પર ઠંડીની ઘેરી અસર જોવા મળી રહી છે. સાંજ પડતાં જ શહેરીજનો ઘરમાં પુરાઈ જાય છે. ઠંડીના કારણે સાંજથી જ શહેરમાં ભીડ ઓછી જણાય છે. માર્ગો પર અવરજવર ઓછી રહે છે. લોકો ઠંડીથી બચવા માટે ઘરની બહાર નીકળવાનું ટાળે છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડિસે. જેટલું રહેતું હોવાથી ઠંડીની અસર વધુ વર્તાય છે. ઠંડીનું આક્રમણ વધતા ગરમવસ્ત્રોની ખરીદીમાં તેજી આવી છે. મહત્તમ તાપમાન પણ ૩૧ ડિ.સે. જેટલું નીચું નોંધાતા દિવસે પણ ક્યારેક ઠંડી અનુભવાય છે.

